



R.N.I.No. : 11555 / 1966

Total - 40 Pages

1

Price Rs. 1/-

Vol No. 63 - Issue No. 11

February - 2020


# જ્યોતિપુંજ

JYOTI PUNJ

## પ્રેમનો પમરાટ અને રંગોનો બોછાર










શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

ઉપનગર વિભાગ કાર્યક્રમ-૨

### આનંદ બજાર

રવિવાર, તા. ૨૨.૩.૨૦૨૦

સ્થળ : અડુકિયા સ્કૂલ, રામગલી-શાંતિલાલ મોદી રોડ જંકશન,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

સમય : સાંજે ૫ થી રાત્રે ૧૦ કલાક

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૩ | ૧૧ | ૨૧-૦૨-૨૦૨૦ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**





**ટેન્શન ત્રણ પ્રકારના હોય છે.**

**શારીરિક તણાવ, માનસિક તણાવ અને ભાવનાત્મક તણાવ**

જરા વિચારો! બિમારી શા માટે, કેવી રીતે, કેટકેટલી હોય છે ? બિમારી ટેન્શન ને કારણે થાય છે. મનુષ્યના શરીર, મન અને ભાવનાઓ પર રોજ રોજ અનુકૂળ- પ્રતિકુળ આઘાત પડતા રહેતા હોય છે. આ જ રોગનું મુખ્ય કારણ છે.

ટેન્શન ત્રણ પ્રકારના હોય છે. મસ્ક્યુલર, મેંટલ અને ઈમોશનલ. અથવા આદિભૌતિક, આદિ દૈવિક અને આધ્યાત્મિક તાપ.

**મસ્ક્યુલર ટેન્શન :** અધિક શ્રમ, લગાતાર શ્રમ, તેમજ એક જ પ્રકારનું કાર્ય દીર્ઘકાળ સુધી કરતા રહેવાથી થાય છે. અનિચ્છાપૂર્વક કામ કરવાથી થાય છે. તેમજ હું પરિશ્રમ કરી રહ્યો છું, જેવી ભાવના ઘૂંટાતા રહેવાને કારણે થાય છે. જો મનુષ્ય શ્રમ શબ્દ ભૂલી જાય તો ફક્ત એક અથવા બે ટંકનું ભોજન અને ફક્ત ત્રણ કલાક શારીરિક વિશ્રામ લઈને ૨૧ કલાક સુધી પૂરી રફતારથી કાર્ય કરી શકે છે.

મસ્ક્યુલર ટેન્શન દૂર કરવાની સરળ રીતે છે યોગાસન. પંદર મિનીટ રોજ સવારે-સાંજે યોગાસનના અભ્યાસથી શરીરની બેટરી પુનઃ ચાર્જ થઈ જાય છે. મનુષ્ય જ્યારે કામ કરતા કરતા થાકી જાય ત્યારે આળસ મરડે છે. લખતા લખતા થાકી જાય, હાથ દુઃખવા લાગે ત્યારે હાથ થી ઝટકા મારે છે. આંગળીઓ ખેંચે છે, વાળે છે, ટચકડા ફોડે છે, બીજી સ્થિતી અપનાવે છે, એક કામ

# TUSHAAR DAWDA & ASSOCIATES

TDA

STRUCTURAL AUDITORS | CONSULTING CIVIL ENGINEERS | REPAIRS & REHABILITATION CONSULTANTS

**TUSHAAR Y. DAWDA, CIVIL ENGINEER ( B. TECH ), I.I.T. BOMBAY**

## Registration & Membership

• BMC Licensed Structural Engineer • BMC Licensed Surveyor ( At par with Architect ) • Institution of Engineers – M.I.E., Chartered Civil Engineer • PEATA • American Concrete Institute (India Chapter) • Indian Society of Structural Engineers


## Services

• Structural Auditing ( Inspection above False ceiling **WITHOUT BREAKING;** and External Areas of High Rise Buildings with **SPECIAL EQUIPMENTS** ) • Consultation for Repair Works • NDTs • Waterproofing • Tendering • Estimation • Monitoring • **LEAKAGE DETECTION** (using **GLOBALLY ACCLAIMED** instruments for **WATER** leakages)


**INTERIOR DESIGN AND EXECUTION WORKS UNDERTAKEN**

## Clientele


• Ambuja Cement • Royal Bombay Yacht Club, Gateway of India • Bombay Gymkhana • Mahalaxmi Chambers, near Breach Candy • Marol Church • Anjuman-I-Islam, C.S.M.T. • Holy Cross Church, Prabhadevi • Automotive Manufacturers', dealers of Maruti and Ashok Leyland • Parvati Industrial Premises, near Shah & Nahar, Lower Parel • Dudhwala Builders • Casby Group • Regal Cinema • A.H. Wadia Baug C.H.S.L., 4 Bldg. – 8 Floors and 1 Bldg. – 10 Floors • Odyssey – 1 C.H.S.L. – 27 storey tower at Hiranandani, Powai



Anjuman-I-Islam College, C.S.M.T.



Royal Bombay Yacht Club, Gateway of India



Mahalaxmi Chambers, Near Breach Candy



Odyssey – 1, Hiranandani, Powai

**B - 102, Giridwar Apartment, Near P.N.B. A.T.M., Mathuradas Road, Kandivali (W), Mumbai - 400067.**

**Ph. : + 91 98672 52867 / + 91 22 28085542**

**Email : tushaardawda@gmail.com. Website _ tushaardawda.com**

છોડીને બીજું કામ હાથ ધરે છે અથવા ટહેલવા જાય, ગીતો ગાય, સિનેમા જુવે કે બીજું કંઈ પણ! મનુષ્ય એક કામનું બીજું પ્રતિરૂપ બનાવી લે છે, તે કામ અને ભાવ અનુસાર. પરંતુ સાચું જોવા જઈએ તો મનોવિનોદના નામ પર ન તો મસ્ક્યુલર ટેન્શન ઓછું થાય છે, ન મેન્ટલ અને ન ઈમોશનલ, કારણ આપણી રિલેક્સ કરવાની રીત સાવ જ ખોટી છે. એટલે જ થોડા દિવસોના પરિશ્રમ ને કારણે મનુષ્ય બુઢ્ઢો થતો જાય છે અને મૃત્યુ માટેના ચાર સંદેશા પ્રાપ્ત કરતો જાય છે. મસ્ક્યુલર ટેન્શન એક જ વાતાવરણમાં ઘૂંટાઈ જવાથી અથવા બહુ વધારે પડતી મહેનત કરવાથી પણ થાય છે.

**મેંટલ ટેન્શન :** મેંટલ ટેન્શન બહુ વધારે વિચારવાથી થાય છે. વિચારવું તે જોઈએ, જેની માટે મનુષ્યએ વિચારવાની જરૂરત હોય છે પરંતુ લગભગ બધા જ લોકો કામની વાત ઓછી અને બેકારની વાતો ખૂબ વિચારતા હોય છે. આના લીધે જ ટેન્શન થાય છે. ફક્ત કામની જ વાત માટે વિચારવાથી ટેન્શન થતું નથી કારણ આ કોઈ માધ્યમથી પ્રગટ થાય છે. કર્મ, વાણી અથવા લખાણ દ્વારા માનસિક ટેન્શન દૂર થવું જોઈએ. મનુષ્ય ભૂતકાળની વાતો અને ઘટનાઓ પર બહુ વિચારતાં હોય છે. કોઈની સાથે ઝઘડો થયો હોય, કોઈ દુર્ઘટના થઈ હોય, કોઈ ગાળો આપે તો તરત વિચારવું ચાલુ થઈ જાય છે. વિચારવાથી માનસિક તણાવ પેદા થાય છે, જેને તમે જોઈ નથી શકતા અને ન તો દૂર કરવાની રીત જાણો છો.

મોટા મોટા રાજકારણીઓ, વેપારીઓ તેમજ બુદ્ધિજીવીઓ માનસિક શ્રમ કરે છે, પરંતુ ખર્ચાઈ ગયેલી માનસિક શક્તિને પુનઃ પ્રાપ્ત કરવાની કઈ રીતે કોઈ સાધન નથી જાણતા અને એટલે જ યુવાવસ્થા પસાર કરતાં જ રોગ, અશક્તિ, સફેદ વાળ વગેરે જેવા લક્ષણ પ્રગટ થવા લાગે છે.

અત્યાધિક માનસિક તણાવ વધી જવાથી મેંટલ રિટાર્ડેશનના કિસ્સા બહુ મોટી ડરામણી સંખ્યામાં વધવા લાગ્યા છે, લાખોમાં.

માનસિક તણાવ વધી જવાથી નસો ફાટવો લાગે છે. આંખ કમજોર બનતી જાય છે, કબજીયાત થાય છે, ખોટા ખોટા ઓડકાર આવે છે, સિગરેટ પીવાનું મન થાય છે, ચ્હાની યાદ આવે છે, અને જ્યારે શારીરિક તેમજ માનસિક તણાવ બંને સાથે આવે છે તો કામ તેમજ ક્રોધના આવેગ પણ આવે છે. શારીરિક તણાવ તો રાતના વિશ્રામથી દૂર થઈ જાય છે પરંતુ માનસિક તણાવ તો ઉંઘમાં પણ રહે જ છે. દવાઓ લેવાથી દબાતા નથી પરંતુ 'બીજ' બની જાય છે. જે વધી જતાં ડિપ્રેશન લાવે છે. આ ડિપ્રેશનને દૂર કરવા એક સામાન્ય વ્યક્તિના જીવનમાં સૂરા અને સુંદરી ક્યારે આવી જાય છે ખબર રહેતી નથી.

**ઈમોશનલ ટેન્શન :** બિમારીનું ત્રીજું કારણ છે ભાવનાત્મક તણાવ. મનુષ્ય ભાવનાઓના ચુંગાલમાં પટકાતો રહે છે. દરેક વસ્તુ સાથે તે ફક્ત બુદ્ધિ અને જ્ઞાનનો ભાવ રાખી શકતો નથી. ભાવનાઓ યથાર્થ ન હોવા છતાં મનુષ્ય તેને ચીટકી રહે છે અને જ્યારે આ ભાવનાઓ પર ઠેસ લાગે છે તો પ્રતિક્રિયા સ્વરૂપ રોગ નો જન્મ થાય છે.

જો કોઈનો પ્રિય મિત્ર, પુત્રી, સ્ત્રી, પતિ અથવા સંબંધી બીજા દિવસે ક્યાંક દૂર થી આવવાનો હોય તો તેને આખી રાત ઉંઘ નથી આવતી. એક કલાક પછી પરિક્ષાનું રિઝલ્ટ જાહેર થવાનું છે, એ સાંભળતા જ હાર્ટ જોર જોરથી પંપિંગ કરવા લાગે છે. રાતના એકાએક જ જો ઘરની યાદ આવી જાય તો? આવા પ્રકારના ઈમોશનલ ટેન્શનથી હાર્ટ નબળું પડતું જાય છે. જે આગળ જતાં હાર્ટ-એટેક તરફ દોરી જાય છે.

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson ®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

ભાવનાત્મક તણાવ અજાણતાં વ્યવહારોમાં પ્રગટ થતાં રહે છે. ઘણા ખભા ઊંચાનીચા કરતાં રહે છે. કોઈ ડોકને અનાવશ્યક અહીં તહીં ઉચકતાં રહે છે. ઘણાં લોકો સીટી વગાડતાં રહે છે તો કોઈ ગીતો ગુનગુનાવે છે. થોડા લોકો અન્ય ઘણા પ્રકારની આદતો જેમ કે વારંવાર પલકારા મારવા, નાકના નસકોરા ફુલાવવા વગેરે અજાણતાં અપનાવી લે છે. આ બધા સ્વાભાવિક અને અનાવશ્યક વર્તાવ મનુષ્યની અંદરના ટેન્શનને વ્યક્ત કરવા માટે હોય છે. તણાવ તો રહ્યા જ કરે છે. જ્યાં સુધી મનુષ્ય ને પૂર્ણ વૈરાગ્ય ન આવે ગૃહસ્થ તો ટેન્શનથી બચી જ ન શકે.

કોઈ બિમારીનું કારણ કેવળ મસ્ક્યુલર અથવા મેન્ટલ અથવા ઈમોશનલ અથવા કોઈપણ બે અથવા ત્રણે પ્રકારના ટેન્શન હોઈ શકે છે. ટેન્શનને લીધે નાડીઓમાં લોહીનો પ્રવાહ વધારે થઈ જાય છે. જેના લીધે હાઈપર ટેન્શન પેદા થાય છે. જો સમય પર આને રોકી લેવામાં ન આવે તો આના લીધે બ્લડ પ્રેશર, પેરાલિસિસ જેવી બિમારીઓ થાય છે.

થાક, ચિંતા જેવી મગજની ઉલ્ઝનને લીધે માથાનો દુઃખાવો, કબજીયાત, એસિડીટી, હૃદયરોગ જેવા રોગ થાય છે. જ્યારે વ્યક્તિ પોતાની જાતને ઉપેક્ષિત સમજે છે અને તેમની ભાવનાઓને પુષ્ટિ નથી મળતી તેના લીધે ભયંકર રોગ પેદા થાય છે. જેમ કે ટી.બી, કુષ્ઠરોગ, દમ, આર્થરાઈટિસ વગેરે. આ તણાવોને દૂર કરવાનો મનોવૈજ્ઞાનિક પ્રયોગ એટલે ધ્યાન-યોગનો અભ્યાસ.

ત્રણે પ્રકારના ટેન્શનમાંથી મુક્ત થવાનો રાજમાર્ગ એટલે યોગાસન, ધ્યાન, રિલેક્સેશન. મનુષ્ય એ જીવનમાં સરળતા કેળવવી જોઈએ. મન, વાણી, કર્મમાં સરળતા વ્યાપક સ્તરે અપનાવવી જોઈએ. પોતાના જીવનના બદલાતા જતા વ્યવહાર, આચરણ, આદતો તરફ જાગ્રત બનવું જોઈએ, સુધારો કરવો જોઈએ. જીવનમાં નિયમિતતા, પ્રભુ સ્મરણ, ધર્મ ધ્યાન ભક્તિ, ધીરજ, શ્રધ્ધા, સંતોષ, ક્ષમા, વાત્સલ્ય, પ્રેમ, આદર સત્કાર જેવા ગુણો પુનઃસ્થાપવાથી જીવન સુખમય, નિરામય, આનંદમય, શાંતિમય બની જાય છે.

* * *

### બાળકો માટે કુદરતનું નિકટ-દર્શન

## રાણીબાગનું જ્ઞાનસભર ફૂલ-શાકભાજી-ફળ નું પ્રદર્શન

ભાયખલ્લાથી હું રાણીબાગ પહોંચ્યો. પ્રવેશદ્વાર પર ફૂલોથી શણાગારેલું 'સુસ્વાગતમ્' સૌને આવકારતું હતું. ડુંગર પરથી રેલાતા ઝરણાની જેમ પત્થરના નાના ડુંગરા પર રાખેલા, ઝૂકેલા ઘડામાંથી રંગબેરંગી ફૂલો રેલાતા હોય તેવી સુંદર સજાવટ હતી.

મન લલચાયું. મે કેમેરાની સ્વીચ ઓન કરી. કુદરતની વસંતને માનવીએ પોતાના હાથો વડે એકત્ર કરી ફરીવાર સજાવવાનો એક અનોખો પ્રયોગ કર્યો હતો.

સમજાવટ તો એટલી અદ્‌ભૂત હતી કે બાળક સાથે મોટાને પણ સ્વપ્નનગરીમાં પ્રવેશ્યા હોય તેવો અહેસાસ થતો હતો. બાળકોને કુદરતનું નિકટ દર્શન કરાવવાનો આ અનન્ય લ્હાવો હતો. કંઈક નવું જાણવાનો, સમજવાનો, શિખવાનો મોકો હતો. દેશ-વિદેશની ધરતી પર થતા ફૂલ-ફળ-શાકભાજી, ઔષધિ વગેરેને થોકબંધ કુંડામાં ઉગાડી નામવાળા લેબલ લગાવી સુંદર આયોજન કર્યું હતું.

દર વર્ષે આ પ્રદર્શન યોજાય છે. બાળકોને સ્કૂલ, ટયુશન, કલાસીસ, એકસ્ટ્રા એક્ટીવીટીમાંથી દૂર લઈ

Dipesh Desai
9821115849

Harsh Desai
7977911412


# TRADE LINK

SERVING SINCE 1989

AUTHORISED DISTRIBUTOR OF HENSEL & AJMERA





HENSEL



AJMERA MARINE LIGHT FITTINGS & SWITCH GEARS .

AJMERA
Marine Light Fittings & Switchgears




ADDRESS : 21-B 1st FLOOR , SARDAR GRIHA BUILDING , 33 LOHAR CHAWL , MUMBAI -400002.

**TEL: 40055849/66310540/39567231 MOB : 9819158669/9821115849 TALK FREE : *7231**

**E-mail : tradelink_90@yahoo.co.in / tradelink1967@gmail.com**

**WEBSITE : www.tradelinkindia.net**

જઈ ટેન્શન, તાણમુક્ત રાખી કુદરતના ખોળે રમવા દેવા એ આપણી ફરજ છે. પ્રેમનો પમરાટ અને રંગોનો બોછાર, વસંતમાં મહેકી ઊઠયો મુંબઈનો રાણીબાગ. મઘમઘતા ફૂલોથી સજાવેલી અનકે કલાકૃતિઓ જેવી કે ડબલ ડેકર બસ, સાયકલ, ડબ્બાવાળો (ટિફીનવાળા), ઈન્ડિયા ગેટ, પેંગ્વીન, લાકડાની આગગાડી, ધાતુની પવનચક્કી ધ્યાન આકર્ષક હતી. બાળકો સાથે મોટાઓ પણ ત્યાં હોંશભેર ફોટા પડાવતા હતા. સાયન્સ, બૉટનીના સ્ટુડન્ટસ્, સ્કૂલના વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ સતત ફોટા, લાઈવ શુટીંગ કરતા નજરે પડતા હતા. બોનસાઈ ટ્રીઝ તેમજ કેકટસની એક અલગ જ સુંદરતા હતી. આયુર્વેદીક ઔષધિઓ ક્યારેય જોવા સાંભળ્યા ન હોય તેવા વિદેશી ફૂલો, શૉ પ્લાન્ટસ્ આકર્ષણનું કેન્દ્ર રહ્યા.

શાકભાજીમાં મોટા ફલાવર, કોબી અનેક મંડપ-માંડવાની વેલમાંથી નજરે પડતાં લકટતાં તૂરિયા, ગલકા, ભીંડા, રીંગણાને લોકો કુતૂહુલપૂર્વક સ્પર્શી લેતા હતાં. નાના નાના ઝાડ પર લીંબુ, આંબળા, સરગવાની શીંગ લોકોને મોહિત કરતા હતા.

પ્રદર્શનના છેડે ઊભા કરાયેલા સ્ટોલમાં દરેક પ્રકારના ફૂલ-ફળ-શાકભાજી રોપેલા કુંડા અહીં વેંચાતા મળતા હતા. ગાર્ડનીંગ માટેની સર્વ સામગ્રી અહીં ઉપલબ્ધ હતી. પાણી છાંટવાનો પંપ અહીં ત્રણ પ્રકારે કાર્ય કરતો જોવા મળ્યો. ફૂલોનો રાજા ગુલાબનો વટ અહીં કંઈક અલગ જ હતો.

મોજમસ્તી, ગમ્મત સાથે જ્ઞાન પ્રદાન કરતું આ પ્રદર્શન ખરેખર વિશેષ હતું. દર વર્ષે યોજાતા આ પ્રદર્શનમાં બાળકોને મિત્રો સાથે, ગ્રુપમાં અચૂક આવજો. આટલા વિશાળ પ્રમાણમાં કુદરતે આપેલી ભેટ માનવજાતના સર્વાંગીણ, વિકાસ, ઉત્કર્ષ, આનંદ માટે છે તે ધ્યાનમાં રાખવું ઘટે. ✱✱✱

Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

*Krish*
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા



દક્ષેસ ભટ્ટ



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯
**Email :** gopaljbhatt@yahoo.co.in • bhattgopal59@gmail.com

✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત

**ઉપનગર વિભાગ – કાર્યક્રમ – ૨**

# મોજ મસ્તી આનંદ બજાર ગેઈમ્સ-ફૂડ

**રવિવાર તા. ૨૨–૩–૨૦૨૦**

**સ્થળ :** અદુકિયા સ્કૂલ, રામ ગલી - શાંતિલાલ મોદી રોડ જંકશન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

**સમય : સાંજે ૫.૦૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક**

**મુખ્ય મહેમાન : શ્રી શ્રીકાંતભાઈ કાંતીલાલ ધારીઆ (એસ. કે. ધારીઆ એન્ડ કંપની)**

જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત પ્રોગ્રામ માટે **વ્યક્તી દીઠ રૂા. ૨૦૦/-** ની એન્ટ્રી ફી રાખવામાં આવી છે.

**જેમાં વ્યકિતદીઠ ફી માં રૂા. ૫૦/- ની કૂપન ફુડ માટે** તેમજ **રૂા. ૫૦/- ની કૂપન ગેઈમ્સ માટે મળશે.**

અને એક આકર્ષક ગીફટ સંઘ તરફથી આપવામાં આવશે. આ **ત્રણેય વસ્તુ રૂા. ૨૦૦/- માં સામેલ છે.**

**કુપન પ્રાપ્ત કરવા માટે નીચે જણાવેલ મુજબ વ્યક્તિઓનો સંપર્ક કરવો. તા. ૧ માર્ચથી કુપન મળશે.**

| | | | |
|---|---|---|---|
| ✤ અંધેરી | : શ્રી અજય દોશી | – | 9819342856 |
| ✤ મલાડ | : શ્રી કમલેશ દોશી | – | 9004621062 |
| ✤ કાંદિવલી | : શ્રી વસંત દેસાઈ | – | 9821054329 |
| | શ્રી સની ગાંધી | – | 9930847630 |
| ✤ બોરીવલી | : શ્રી ઉર્મીલ કડકીઆ | – | 9819183379 |
| ✤ મુંબઈ | : નાગદેવી : શ્રી મનોજ પરીખ | – | 9820439134 |
| | લુહાર ચાર : શ્રી સમીર ગાંધી | – | 9821234306 |

ઉપરોક્ત પ્રોગ્રામમાં આર્શીવાદ આપવા વડીલો પધારશો એવી નમ્ર વિનંતી.

**મંત્રી** — **શ્રી ભાવેશ મોદી – 9869080287**

**સંયોજક** — **શ્રી વસંત દેસાઈ – 9821054329**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

## જ્યોતિપુંજ કવિતા ઇનામી સ્પર્ધા

ઉપયુક્ત સ્પર્ધામાં ભાગ લેનાર ત્રણે કવિઓ/કવિયત્રી (બાલાસિનોરવાસી) ને ઈનામ આપવામાં આવશે.

તમારા ઈનામ **પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ષ્પારેખ)** ની ઓફિસેથી **તા. ૧૬-૩-૨૦૨૦ થી ૨૦-૩-૨૦૨૦** સુધીમાં **બપોરે ૧૨.૦૦ વાગ્યા થી સાંજે ૬.૦૦** સુધીમાં પ્રાપ્ત કરી લેવા. **સરનામું :** એપેક્ષ સર્વિસીઝ, ૫૯, નંદભુવન, બીજે માળે, રૂમ નંબર ૩૫, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ - ૨.

**મંત્રી – ભાવેશ મોદી, તંત્રી – બંકિમ પરીખ**

Selected Business Superbrand India 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# પ્રવાસ પર્યટન અહેવાલ વર્ષ ૨૦૧૯-૨૦

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત પ્રવાસ પર્યટન યોજના હેઠળ મુંબઈની ધાંધલથી દૂર શાંત વાતાવરણમાં સાઈલેન્ટ હિલ રસિોર્ટ, મનોર, વિરાર તા. ૧૨-૧-૨૦૨૦ ના રોજ આયોજન કર્યું હતું. તેમાં હોંશભેર ૧૪૫ જણાઓએ ભાગ લીધો હતો.

કુલ ૩ બસ કરી હતી જેમાં પહેલી બસ તારદેવ, મુંબઈ, બીજી બસ સ્વિમિંગ પુલ, કાંદિવલી (વેસ્ટ) અને ૩ જી બસ સુમેરનગર, બોરીવલી (વેસ્ટ) બસમાં બધાને સંઘ તરફથી ચા-કોફી બિસ્કિટ, કેડબરી, તલ, શીંગની ચીકી અને પાણી બોટલ આપી હતી. સવારે ૧૦.૩૦ કલાકે સાઈલેન્ટ રિસોર્ટ બસમાં રમત રમતા મનોર, વિરાર સર્વે પહોંચી અને નાસ્તો, ચા-કોફી કરી. જે લોકોને વોટર રાઈડનો આનંદ લેવો હતો તે લોકો વોટર રાઈડમાં નહાવા ગયા હતા અને જે લોકો વોટર રાઈડમાં નહતા ગયા તે લોકોએ (૧) ફોટો પ્રોપ્સ (૨) રાઈફલ શુટિંગ (૩) રીંગ ટુ ઓબ્જેક્ટની રમતનો આનંદ માણ્યો અને પછી જમવા ગયા હતા.

પ્રવાસ પર્યટનના મુખ્ય મહેમાન શ્રીમતી નયનાબેન મનોજકુમાર શાહ (હાથીખાનાવાળા) એ રૂા. ૩૧,૦૦૦/- નું દાન આપ્યું હતું. તે બદલ સંઘના પ્રમુખશ્રી સૌમિલભાઈ મોદીએ શ્રીમતી નયનાબેન સંજોગવસાત આવી ન શકતા તેમના વતી શ્રી જીગરભાઈ કડકીઆએ તેમના વતી બહુમાન સ્વીકાર કર્યું હતું અને તેમના કુટુંબીજનોનો આભાર માન્યો હતો. સંઘના પ્રમુખ શ્રી સૌમિલભાઈએ પ્રવાસ પર્યટનના સંયોજક શ્રી ઊર્મિલભાઈ કડકીયા અને તેમની કમીટીને સુંદર આયોજન બદલ બીરદાવી હતી.

આકર્ષક ગીફ્ટના દાતા શ્રીમતી ઉષાબેન નવિનચંદ્ર કડકીઆ હસ્તે રાધાબેન કડકીઆનું સંઘના મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ તેમનું બહુમાન કર્યું હતું.

ઈવેન્ટના સંચાલક શ્રી સનત વેદનું સંઘના પ્રવાસ પર્યટનના સંયોજક શ્રી ઉર્મીલભાઈ કડકીઆ અને સાઈલેન્ટ હિલ રિસોર્ટના મેનેજર શ્રી લોબોનું બહુમાન સંઘના સહમંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ કર્યું હતું અને અંતે સંઘના સહમંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીયાએ આભાર વિધી કરી હતી.

પછી સમય આવ્યો રમતો રમવાનો. શ્રી સનત વેદ અને શ્રીમતી બિંદિયા વેદની સથવારે મ્યુઝીકલ હાઉસી જેમાં સર્વે લોકોએ જેમ જેમ સંગીત વાગતું ગયું તેમ બધા લોકો ગીત ગાઈ અને ડાન્સમાં ઝુમી ઉઠયા અને જોત જોતા ૩ વાગે ચાલુ થયેલી મ્યુઝીકલ હાઉસી સાંજે ૭ વાગ્યા તે ખબર જ ન પડી અને સાથે હાઉસીના ઈનામો લેતા જતા હતા.

સાંજે ૭.૦૦ વાગે રિસોર્ટમાં જમવાનું જમીને બધા બસમાં બેસી ગયા અને બધાને આકર્ષક ગિફ્ટ બસમાં આપી દેવામાં આવી હતી અને રિસોર્ટની યાદો વાગોળતા સર્વે પોતાના ઘેર પહોંચી ગયા

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક– ઉર્મિલ કડકીઆ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**અનન્ય દાન**

**શ્રીમતી સેમિલાબેન શરદકુમાર નટવરલાલ દેસાઈ**
**(સુપુત્રી નટવરલાલ ચંદુલાલ કડકીઆ-પૂનાવાલા)**
**તરફથી સંઘને**
**રૂા. ૧૧,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયું છે.**
**પ્રેરણાદાયી દાન બદલ**
**સંઘ આભારની લાગણી વ્યક્ત કરે છે.**

# D P ZAVERI JEWEL

GOLD & DIAMOND JEWELLERY | UNCUT DIAMOND JEWELLERY



THE JEWEL WORLD
G-15, COTTON EXCHANGE BUILDING, ZAVERI BAZAR – KALBADEVI,
MUMBAI – 400002.
NAKKUL ZAVERII | JHEEL ZAVERI
+91 8655119400
Office No- 022-60605850 | 022-22415850
Email Id- nakkulzaverii@gmail.com

## બાલાસિનોરમાં રહો વય વધારો. તંદુરસ્ત રહો

**દુનિયાના કોઈપણ ખુણામાં રહો પણ બાલાસિનોર જેવું સુખ ક્યાંય નહીં...**

BBC News નાં સર્વેમાં આ વાત સિદ્ધ થઈ ચુકી છે. વિજ્ઞાનીઓને નવા રિસર્ચમાં જાણવા મળ્યું કે, 'બાલાસિનોરની જમીન, આબોહવા અને પાણીની અસરથી ૧૦૦ વર્ષથી ઉપરની ઉંમર 'બાલાસિનોર'માં રહેનારા માણસને મળે છે.

બાલાસિનોરની જમીનમાં જે ખનીજ છે તે માનવીના જીવનમાં નવો ઉમંગ ભરે છે. શરીરને જોઈતા બધા જ ખનીજ 'બાલાસિનોર' ના પાણીમાં પ્રમાણસર છે જે શરીરને જલ્દી વૃદ્ધ થતું અટકાવે છે અને લાંબી વય સુધી મનુષ્યને યુવાન રાખે છે.

બાલાસિનોરની આબોહવા જેવી દુનિયામાં કોઈપણ ખૂણામાં આબોહવા નથી.

બાલાસિનોરની આબોહવા માનવીના હાડકા અને ફેફસાને હર હંમેશ મજબૂત રાખે છે. હૃદયના લોહીને પાતળું રાખે છે જે ત્વચાથી શરીરમાં ભ્રમણ કરે છે. બાલાસિનોર એક બે મહિના રહો તો વગર દવાએ માણસ ઠીક થઈ જવાની ક્ષમતા આબોહવા ધરાવે છે.

અહીં શુદ્ધ ઓક્સિજન મળે છે જે મનુષ્યના શરીરને કોઈપણ રોગથી દૂર રાખે છે.

બાલાસિનોર વસવાટ કરવા વિદેશીઓ પણ આતુર છે. સારી જગ્યાઓ રીતસર વિદેશીઓ બુકિંગ કરાવી રહ્યા છે.

ગત વર્ષમાં વિદેશીઓની આવન-જાવનનો આંકડો પાંચ હજાર ત્રણસો પંચોતેર (૫૩૭૫) નો રહ્યો છે. જેઓ ત્રણ થી ચાર મહિના નવાબ સાહેબના મહેલમાં રહ્યા હતા. આ વિદેશીઓ ગુજરાતની ધરતી પર અલગ અલગ સ્થળોની મુલાકાત લઈ બાલાસિનોરમાં ફક્ત આરામ ફરમાવવા રહ્યા હતા અને નાની મોટી બીમારીઓથી મુક્ત થઈ પાછા વિદેશ ગયા હતા.

વિજ્ઞાનીકોનું એ પણ કહેવું છે કે બાલાસિનોરની ધરતી પર વર્ષમાં છ મહિના સતત રહેવાથી માણસની સરેરાશ ઉંમરમાં વધારો થાય છે અને ઘણી બીમારીઓમાંથી મુક્તિ મળે છે.

**૧૦-૧-૨૦૨૦ - BBC News**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### હાર્દિક શુભેચ્છા

તમામ પ્રાથમિક, માધ્યમિક, હાઈસ્કૂલ, તમામ બોર્ડ, કૉલેજ, હાયર સ્ટડીસના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વાર્ષિક પરીક્ષા માટે સંઘની શુભકામના.

**Best Of Luck**

મંત્રી – ભાવેશ મોદી    તંત્રી – બંકિમ પરીખ




NIRAV Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

Authorized Stockists:

MERSEN

Expertise, our source of energy




Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link®


Building Networks for People



# આ નખ્ખોદિયા કોરોના વાયરસ થી કેમ બચવું ?

તંત્રી મંડળ

ખતરનાક કોરોના વાયરસનો હાહાકાર ભારતસહિત દુનિયાભરમાં ફેલાયો છે. એકત્રીસ થી પણ વધુ દેશોમાં ફેલાઈ ચૂકેલા આ વાયરસે ઘણા ના જીવન લઈ લીધા છે. ચીનના વુહાન શહેર થી શરૂ થયેલો આ વારયસ રોગિષ્ટ ચામાચીડીયા, સાપ જેવી પ્રજોતિના માંસ આરોગનારા માનવીમાં પ્રવેશે છે. (આ રીતે પણ ફેલાવાની શક્યતા દર્શાવે છે.) જે ચેપી હોવાથી આવા દર્દીના શરદી-ઉદરસ, છીંક દ્વારા વાતાવરણમાં ફેલાય છે. જેથી એક સાથે અનેક લોકો કોરોના વારયસની લપેટમાં આવી જાય છે. આમ આ વાયરસ હવા દ્વારા, દર્દીના નજદીકી સંપર્ક થી તેમજ જે પદાર્થ પર આ વાયરસ ચોંટેલા હોય, તે પદાર્થને અડકતા કોરોના વાયરસનો ભોગ બનાય છે.



## ઈન્ફેક્શન માટેના સામાન્ય ચિન્હો

- તાવ, શરદી, કફ, નાક ગળવું, માથુ દુઃખવું.
- શ્વાસની તકલીફ
- સાવ ટૂંકા (શ્વાસોશ્વાસ)
- આંતરડામાં ગેસ ભરાઈ જવો (લૂઝ મોશન (ઝાડા)

## ભયંકર રીતે વર્તે ત્યારે

- અંદરથી તબિયતમાં મજા ન લાગવી)
- ન્યુમોનિયા થાય, બ્રોન્કાયટીસ થાય.
- શ્વસનતંત્રમાં અચાનક ખામી સર્જાય.
- કિડની ફેલ્યોર
- મૃત્યુ

## ટ્રીટમેન્ટ

★ કોઈપણ પ્રકારની રસી કે બાહ્ય રીતે લેવાતી દવા આ વાયરસ માટે મળતી નથી.

★ દર્દીના લક્ષણો પ્રમાણે સારવાર આપી કોશિષ કરી શકાય.

## કોરોના વાયરસનો ચેપ લાગતો અટકાવવા

- અચૂક સાબુ અને પાણીથી હાથ બરાબર ધોવા, સાફ રાખવા.
- હંમેશા હાથ ધોયા વગર પોતાની આંખો, નાક તથા મોઢાને અડકવું નહીં, સ્પર્શ કરવો નહીં. મોઢા પર હાઈ ક્વોલિટીના માસ્ક પહેરવા.
- હંમેશા આવા દર્દીના સંપર્કથી વેગળા રહેવું. કોરોના વાયરસના લપેટમાં આવેલા પેશન્ટ સાથે હાથ મિલાવવા નહીં.
- તમે થોડા પણ માંદા હો (કોઈપણ પ્રકારે તો જાહેરમાં ફરવું નહીં પરંતુ ઘરે પૂરતો આરામ કરી, દવા કરી સાજા થઈ જવું, જલ્દી થી જલ્દી સ્વસ્થ થઈ જવું.
- જો તમને ઉપર્યુક્ત કોરોના વાયરસના લક્ષણો તમારા શરીરમાં જોવા મળે તો તરત જ વિના વિલંબે તમારા ફેમિલી ડૉક્ટરનો સંપર્ક કરવો. વ્યવસ્થિત હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ લેવી.
- ગળા ને હંમેશા ભીનું રાખવું. થોડું થોડું પાણી પીતા રહેવું. ગળાની અંદરની સુવાળી દિવાલ સૂકાય નહીં તેનું ખાસ ધ્યાન રાખવું.
- સૂકાયેલા ગળા દ્વારા આ વાયરસ શરીરમાં દસ જ મિનીટમાં પ્રવેશી જાય છે. તમને લાગતું હોય કે ગળું સૂકાય છે તો પાણીની બૉટલ હાથવગી રાખવી, થોડું થોડું, ઘૂંટડો ઘૂંટડો પાણી પી ને પણ ગળું ભીનું જ રાખવું.
- મોટા તથા બાળકોને પણ ગરમ પાણી પીવડાવવું.

એકવાર કોરોના વાયરસ ને શિકાર થયા પછી બચવું મુશ્કેલ છે માટે....

સાવધાન તમે અને તમારા કુટુંબીજનો ક્યારે પણ બેદરકાર ન બનો. હંમેશા જાગૃત રહો. ✱✱✱

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !





**પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી** અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

Since 1962

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

## વૈશ્વિક આરોગ્ય કટોકટી, કોરોના વાયરસ ખાસ વાંચો અને વંચાવો

દુનિયાભરમાં કોરોના વાયરસનો પ્રભાવ, ફેલાવો ઘણો વધી ગયો હોવાથી આપણે, આપણા સમાજે ત્વરિત જાગૃતિ કેળવી, ઝડપી પગલાં લેવા પડશે.

વૈશ્વિક આરોગ્ય કટોકટીની આ પળમાં આપણી તમામ સંસ્થાઓએ એક જૂટ થઈ આપણા બધા **મેડિકલ સેન્ટર્સ, હોસ્પિટલ (મુંબઈ, બાલાસિનોર)** ની પડખે ઉભા રહેવું જોઈએ. ત્વરિત ઝડપી પગલાં લઈ આ જગ્યાઓ ચોખ્ખી ચણાક (ઝીરો બેક્ટેરીયા), પીવાનાં પાણી અણિશુધ્ધ, ગ્લોઝની વિશેષ સગવડ હાથ ધરવી જોઈએ.

આવનારી મુસીબત, કટોકટીની પળમાં વિશેષ સમિતિઓ (જાણકારી, પ્રચાર, શોધખોળ, એરિયાના સેન્ટર્સ, દવાઓનો વિપુલ જથ્થો) બનાવવી જોઈએ. આપણા ગામના, **આપણી નાતના બધા જ પ્રકારના ડૉક્ટર્સ**ના સલાહ-સૂચન, સેવાઓ લેવી જોઈએ.

આપણી નાતના દરેક ઘરના લોકો સુધી તમામ પ્રકારની સેવાઓ, જાણકારી, સગવડો પહોંચાડી શકાય તેવું નવું નક્કોર નેટવર્ક ઉભું કરવું જોઈએ.

વિશ્વના અનેક દેશમાં આ વાયરસ ફેલાયો હોવાથી વિદેશ પ્રવાસ કેન્સલ કરવા જોઈએ. ટાળવા જોઈએ. વિદેશી વસ્તુઓ, ખાદ્યસામગ્રી વાપરવાની બંધ કરવી જોઈએ. નાના-મોટા, પદ-પ્રતિષ્ઠા, ગરીબ-અમીર, હોંશિયાર-ઠોઠના ભેદભાવ ભૂલી જઈ ઝઘડા-ટંટો-ફિસાદ સાઈડમાં રાખી બધાએ સાથે મળી કામ કરવું જોઈએ.

ભવિષ્યમાં આવનારી આર્થિક કટોકટીમાં શું પગલાં લેવા તે માટે સર્વ સંસ્થાએ સાથે મળી ઝડપી પગલાં લઈ સમાજનાં લોકોને મદદ કરવી જોઈએ.

વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર થઈ હોવાથી આપણા સમાજે આની ખૂબ ગંભીર નોંધ લેવી જોઈએ.

**મંત્રી - ભાવેશ મોદી** **તંત્રી - બંકિમ પરીખ**


## જ્ઞાની એ તો પરમાત્માનું હૃદય છે

✍ **કિરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

ભક્તિ માર્ગનો પ્રવાસી ભક્તની આંખે ભગવાનને જુએ છે. કર્મયોગનો સાધક કર્મની આંખે ઈશ્વર ભક્તિ કરે છે તો જ્ઞાનમાર્ગનો પ્રવાસી ઈશ્વરને જ્ઞાનરૂપે પામવાનો પ્રયત્ન કરે છે. ચિત્તશુદ્ધિ, વિચારશુદ્ધિ, વાક્યશુદ્ધિ અને આચારશુદ્ધિ. એ જ જાગૃત જીવવાની શરૂઆત છે. સામાન્ય માનવી કરતાં જ્ઞાનમાર્ગી જગતને જુદી રીતે નિહાળે છે. જ્ઞાનીઓ કોઈપણ સ્વાર્થ સિવાય શાંતિથી, સમતાથી, શુદ્ધજીવન ગાળતાં ગાળતાં પરમાત્માનું ધ્યાન કરતો રહે છે. તેથી પરમાત્માને ખૂબ પ્રિય લાગે છે. સ્વામી બનવા મનુષ્ય શારિરીક, માનસિક અને આધ્યાત્મિક સ્તરોને ચાહે છે તેથી કર્મો ભાવપૂર્વક કરવાથી આનંદ પામે છે.

જે માણસ ખરેખર મૃત્યુને જીતે છે તેની એક મુઠ્ઠીમાં જ જીવન હોય છે એ તેના કાબુમાં હોય છે તેના બીજા હાથમાં મુક્તિ હોય છે અને ત્યારે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થાય ત્યારે જ બધા દુઃખો અને વેદનાઓ ઓગળી જાય છે. જેથી ભૂલોનું પુનરાવર્તન થતું નથી. હૃદયની લાગણીઓનું સ્થાન આજે બુદ્ધિની ચતુરાઈએ લઈ લીધું છે એટલે જ ઈશ્વરની ઈચ્છાને સોંપી દો, અને નિસ્વાર્થ સેવા કરતા રહો. ✸✸✸


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**


(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**


Hemali Shah
make-up and hair artist
I BRIDAL I EDITORIAL I COMMERCIAL I EVENTS I
Services offered:
BRIDAL PACKAGE
HD bridal make-up using international brands like Huda Beauty, MAKE UP FOR EVER, Nars, Anastasia Beverly Hills, MAC, Fenty Beauty, Laura Mercier etc.
Hair- Styling including real hair extensions, fresh flowers and hair accessories.
Draping for the bride.
NON- BRIDAL PACKAGE
EVENT MAKE-UP AND HAIR PACKAGE
For more details and queries:
Mobile: +91-9820288604
Instagram: @makeupbyhemali
Email: makeupbyhemali@gmail.com

# દુ:ખને રોકવું એ આપણા હાથમાં નથી

✍ **શૈલેષ દેસાઈ**

માનવ જીવન દુ:ખી રહેવા માટે નથી પરંતુ ગમે તેવી પરિસ્થિતિમાં સદા પ્રસન્ન રહેવા માટે છે. પોતાના પરિચયમાં આવનારને પણ પ્રસન્નતાથી ભેટ ભરવી જોઈએ. જીવનમાં દુ:ખની હારમાળ ચાલ્યા કરે છે. દુ:ખ અપકારી નથી પણ ઉપકારી છે. સુવર્ણ અગ્નિનો તાપ સહન કરે તો શુધ્ધ બને છે. પછી હથોડાના ઘા સહન કરે તો આભૂષણ બને છે. તે પ્રતિમા બનીને લાખોને માટે પૂજનીય બને છે. મહેંદી પથ્થરના લીસોટા સહન કરેતો નવવધૂના હાથમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. એ રીતે દુ:ખ આપણને મજબૂત કરે છે. દુ:ખને શમતા અને શાંતીપૂર્વક સહન કરવાથી દુ:ખના કારણભૂત કર્મો નાશ થતા આત્મસંયમ પરમાત્મા બની જાય છે.


તમે કહેશો કે દુ:ખ જ ન આવવું જોઈએ તો કદી બની શકે તેમ નથી. બાવળીયો વાવીને કેરી ખાવાની ઈચ્છા કરવી તે અશક્ય છે. માનવ જીવનમાં સુખ થોડું અને દુ:ખ વધારે છે. આથી માત્ર સુખમાં જ નહિ પરંતુ દુ:ખને રોકવું અશક્ય છે. દુ:ખી ન થવું ને આનંદમય રહેવું. વરસાદને રોકવો એ આપણા હાથમાં નથી પણ વરસાદથી ભીંજાવું તે આપણા હાથમાં છે. આપત્તિના સમયે મનની સ્થિતી બદલી લેવી જોઈએ. દુ:ખમાં દુ:ખ ઘણુ ઓછું આવ્યુ તેમ સમજવું જોઈએ. દુ:ખમાં નિમિત્ત બનનાર ઉપર ગુસ્સો લાવવો નહિ. દુ:ખમાં અધિક દુ:ખવાળાનો વિચાર કરવાથી દુ:ખ ઘટે છે.

જીવનમાં દુ:ખ તે આપત્તિવાળાને યાદ કરવાથી દુ:ખ ઘટે છે. એક જણે બીજા પર રાખનો ઢગલો નાખ્યો તો તેણે વિચાર્યું કે હાશ સળગતા કોલસા નહિ નાખ્યા સારુ થયું. ચિંતા શરીરને બાળી નાખે છે. ચિંતા ચિતા સમાન ચિંતાથી પણ અધિક ખરાબ ચિત્તા છે. જે કાર્ય પતી ગયું તેની ચિંતા શા માટે કરવી. મન આદતોનું ગુલામ છે. પ્રબળ આદતો વૃત્તિનું કારણ બને છે. વૃત્તિ એટલે ક્રિયાનું પુનરાવર્તન. મનની ચંચળતાને યમ-નિયમથી અટકાવો. સત્ય, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને યમથી ધારણ કરવાથી મન સંતુલીત થાય છે. શૌચ, સંતોષ તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રાણીદ્યાન જેમ યમ-નિયમથી યુક્ત છે.

ચિંતાથી સદામુક્ત છે. ચિંતા જીવિત માટે ચિંતા સમાન છે. તમે ચિંતા ન કરો પણ ચિંતન કરો. ઈશ્વર પર અતૂટ શ્રધ્ધા, આસ્થા ભરોસોને અનન્ય નિષ્ઠા રાખો. આજ સુધી ભગવાને મને નિભાવ્યો છે. આગળ પણ નિભાવશે. પ્રભુ માત્ર દેનારો છે. તે આપી રહ્યો છે. તમે તમારી જોળીને ચુસ્ત ન રાખો. ઈશ્વરનીય સત્તાનો અહેસાસ કરો. સમસ્ત દેવી દેવતાઓનો આશીર્વાદ સૃષ્ટિમાં વરસે છે. જીવન ઉજાગરને સુશોભિત બને તે માટે સુષુપ્ત શક્તિઓને જાગૃત કરો. વિષાદનો અંધકાર દૂર થશે. પ્રસન્નતાનું પ્રભાત થશે. ગુરુકૃપાને સ્વીકાર કરો.

પ્રભુએ આપેલી બુદ્ધિ અને શક્તિઓને હકારાત્મક તથા સર્જનાત્મક કરો. પરિણામે દુ:ખ પીડા સંતાપથી ઘેરાયેલું મન સ્વંય ઉપર ઊઠશે મનનો સદ્ભાવનાનો વ્યાપ વધશે. ધીર્ય બનો ચિંતા ન કરો. ચિંતાને પ્રભુ પ્રસાદ માની બીજાને પણ તેઓની આપત્તિમાં સનમાર્ગે દેખાડે છે. ચિંતકની જીંદગી પણ ચિંતનની આદતથી, શિક્ષાથી સુંદર બને છે.

સત્સંગ અથવા વ્યવહાર વિદ્યાના જ્ઞાનના આચરણથી ચિંતા અપને આપ હણાય છે. ચિંતાને હાવી ન થવાદો. જે ચિંતાને ઓછી કરે છે. ને સદા ચિત્તાનું સમાધાનનું ચિતનથી કરે. ચિંતા રોગ હોય તો ચિંતન દવાને દુવા છે. એ ન ભૂલો. વિશાળ અર્થમાં ચિંતા અજ્ઞાનનું પરિણામ છે. આજ સુધી કોઈએ ચિંતાનું સમાધાન ચિંતનથી ન મેળવ્યું હોય એવું જોયું નથી. જેથી ચિંતા નહી ચિંતન કરો. ✱✱✱


METACOLOR
METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Rahul Dharia - 98200 58457 • Rohan Dharia: 98200 58467 • Email: ralson@bom5.vsnl.net.in

# એક હૃદયદ્રાવક સત્યકથા



# શેઠ સગાળશા

– સંકલન

સૌરાષ્ટ્ર એ સંત અને સુરાની ભૂમિ છે, પરંતુ સાંસારિક જીવો પણ સાધુને કેટલું મહત્વ આપતા તેનું વર્ણન આ લેખમાં પ્રસ્તુત છે. પરમાત્માને સાધુનું રૂપ લઈ આકરી કસોટી કરી દર્શન આપ્યાં ત્યારે શેઠે સગાળશા દંપતીનું જીવન યર્થાથ સાબિત થયું.

આપણે સગાળશા વિશે માત્ર એટલું જ જાણીએ છે કે તે બીલખામાં રહેતા હતા અને પોતાના એકના એક અગિયાર વર્ષના પુત્ર ચેલૈયાને પોતાના આજીવન વ્રતને પાળવા ખાંડણિયે ખાંડીને સાધુને જમાડયા હતા. આનાથી વધારે કંઈ આપણે જાણતા નથી. માટે જ આ લેખમાં સગાળશાની પેઢી સાથેની વિગતો લખી છે.

સિધ્ધરાજ ને ત્યાં ઈ.સ. ૭૯૫ માં સગાળશાનો જન્મ થયો. ઈ.સ. ૮૧૪ માં ગણેશ ધોળકા નામના ગામના શેઠ વાચ્છા ગાંધીની પુત્રી 'લાડકી બાઈ' સાથે વિવાહ થયા. પુત્રના જન્મ પછી પણ સગાળશાએ રોજ એક સાધુને જમાડયા પછી જ જમવાનું વ્રત અખંડ ચાલુ રાખ્યું હતું. શેઠ સગાળશઆને સંતાનોમાં એક પુત્ર અને એક પુત્રી હતા. આ વાતની આજે કોઈને ખબર નથી. પુત્રીનું નામ 'સોરઠના પ્રાચીન ટીંબા' નામના એક જર્જરિત એવા પુસ્તકમાં 'મોંઘીબાઈ' બતાવાયું છે. તેનો જન્મ ઈ.સ. ૮૬૪ ના જ્યેષ્ઠ (જેઠ) મહિનામાં થયો હતો અને તેનું લગ્ન બગસરા ગામના કાળા ગાંધીના દીકરા પરસોત્તમ ગાંધી સાથે થયું હતું. લગ્નની સાલ ૮૮૨ લખાઈ છે અને વૈશાખી ત્રીજ બતાવાઈ છે. એટલે કહી શકાય કે જ્યારે ચેલૈયાને ખાંડણિયે બાંધ્યો હતો ત્યારે મોંધી માના ગર્ભમાં હોવી જોઈએ. બગસરાનો ગાંધી પરિવાર વ્યપાર અર્થે કચ્છમાં ગયો ત્યારે ઈ.સ. ૯૦૯ ના માઘ મહિનાની પાંચમ ને સોમવારના દિવસે પુષ્ય નક્ષત્રમાં મોંઘીબાઈનું અવસાન થયું. આ સમયે તેની ઉંમર પ્રૌઢ એટલે ૪૫ વર્ષની હતી અને સંતાનમાં જગડુ નામે એક પુત્ર હતો.

## અષાઢી હેલી મંડાણી

બીલખા ગામ માથે સન ૮૬૪ માં અષાઢ માસની વરસાદી હેલી મંડાણી હતી. ચારે તરફ પાણી પાણીનો ભયંકર પ્રકોપ પ્રસરી ગયો હતો. આઠ આઠ દિવસથી વરસાદ સતત વરસી રહ્યો હતો. રોજ એક સાધુને જમાડયા પછી જ અન્ન લેવાનો નિયમ હોવાથી સગાળશા તથા ચંગાવતીને આવા જળપ્રલયમાં સાધુ ન મળવાને કારણે આઠ આઠ ઉપવાસ થયા હતા છતાં બન્ને દંપતી વ્રતને વળગી રહ્યાં હતાં.

**ગગનગોખે ગૂંચવાણું, પાતાળ ફોડી પાણી,**
**ભૂમિ ક્યાયં ભળાય નંઈ, મેઘ હેલી મંડાણી.**

## સાધુ પ્રગટ થયા

આઠ આઠ દિવસના ઉપવાસ હોવાથી પતિ-પત્ની સાધુને શોધવા વરસાદી હેલી વચ્ચાળે વગડો ખૂંદી સાધુને શોધી તેમને જમાડી આઠ દિવસની પોતાની ભૂખને ભાંગવા આમ-તેમ ભટકી રહ્યાં છે, પણ ક્યાંય સાધુ નજરે ચડતો નથી. બન્ને જણાને ચાલવાની શક્તિ રહી નથી. પડતાં-આખડતાં-ગોથા ખાતાં બેય માણસ ભટકી રહ્યાં છે. તેવામાં વિજળીનો જબ્બર ચમકારો થયો અને ચમકારાના અજવાળામાં પીપળાના ઝાડની નીચે એક સાધુ દેખાયો. બન્ને જણાં સાધુ પાસે આવ્યાં. જોયું તો તેના માથામાં સફેદ આગ લઈ ગઈ છે. ગાલનાં બડકાં ઊંડા ઊતરી જઈ ગાલમાં ખાડા પડી ગયા છે. ચહેરા પર શીતળાના ડાઘા છે. રાતી બંબોળ આંખોમાં જાણે અંગારા વરસી રહ્યા છે. આખું શરીર કૂબડું છે અને શરીરનાં તમામ અંગોમાંથી દુર્ગંધ મારતાં પાચ-પરુ અને લોહી વહી રહ્યું છે. આવા સાધુને જોઈ બન્ને જણાંનાં હૈયામાં હરખ ન સમાણો. સાધુની શારીરિક સેવા પણ થશે એ વિચારે બેય માણસ સાધુ પાસે આવ્યાં અને પોતાને ઘેર પધારી ભોજન લેવા આગ્રહ કર્યો ત્યારે સાધુ બોલ્યો : 'હું આજ આઠ આઠ દિવસથી ભૂખ્યો છું. મને પણ જમવાની ઈચ્છા છે, પણ મારા આવા કૂબડા શરીર અને રાગતપાતવાળા અંગોમાંથી ઝરતાં પાચ-

I.S.W.P.

BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9286, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

પરુ અને લોહીથી તમને સૂગ નહિ ચડે ? મારાથી ચાલી શકાતું નથી.તમે મને જાળવીને તમારી ઘેર લઈ જાઓ તો હું અવશ્ય ભોજન ગ્રહણ કરીશ, પણ એટલો ખ્યાલ રાખજો કે મને જરાકેય પીડા કે દુ:ખાવો થયો તો હું અન્ન નહિ આરોગું. શેઠ દંપતીએ સાધુને બેસવા માટે વાંસનો બનાવેલ એક મોટો ટોપલા મંગાવ્યો. તેમાં રૂ ની ગાદી બનાવી સાધુને બેસાડયા ને ઘેર લાવ્યા. આ દરમિયાન સાધુને પીડા વધી જવાથી તે શેઠ દંપતીને અપશબ્દો બોલી અપમાન કરવા લાગ્યો. છતાં દંપતીએ હસતે મોઢે સાધુના વેણને ભગવાનની પ્રસાદી ગણી સહી લીધા.

ચંગાવતીએ સાધુને જમાડવા માટે ભાવ સાથે અવનવી વાનગીઓ સાથેની રસોઈ બનાવી થાળી પીરસી ત્યાં તો બાવો ભડક્યો ને બોલ્યો :

**'વાની પકવાન અમે ખાતા નથી,**
**નથી અમારે અન્ન કેરો આહાર,**
**જાત અમારી અઘોરી બાવલિયા,**
**અમારો તો પર માટીનો આહાર !''**

શેઠ દંપતી પરમાટીનું નામ સાંભળતાં મૂંઝાયા. ધર્મપ્રેમી હિન્દુ ઘરમાં માંસનો આહાર ક્યાંથી હોય ? તો પણ આંગણેથી સાધુ ભૂખ્યો જાય તો મહાપાપ લાગે એવા વિચારે સગાળશા મોં છુપાવી બજારમાંથી માસ લાવ્યા. મન પર સંયમ રાખી માંસને રાંધી સાધુ સામે થાળી ધરીને જમવા વિનંતી કરી ત્યારે ગાજેલ સાધુ વધારે બગડયો ને બરાડયો.

**'અઘોરી પંથ અમારો, માનવ માંસ આહાર,**
**બીજું કશું ભાવે નંઈ, માનવ માટીથી જ પ્યાર !'**

શેઠ દંપતીએ માનવમાંસ ખવડાવવાનો મક્કમ નિર્ધાર કર્યો અને સાધુને શાંત પાડયા સગાળશા પોતે પોતાનું માંસ આપવા તૈયાર થયા ત્યારે સાધુ બોલ્યા કે અમારે તો બાળકનું જ માંસ જમવું છે. જો તમારે બાળક ન હોય તો મને મારા ઠેકાણે મૂકી જાઓ.

આવાં વેણ સાંભળી શેઠ દંપતી વિચારે ચડયું. આંગણે આવેલ સાધુની માંગણી ઠુકરાવી પણ કેમ શકાય. સાપે છછુંદર ગળ્યા જેવું થયું. અંતે પોતાના એકના એક દીકરા ચેલૈયાનું માંસ રાંધીને સાધુને જમાડવાનો નિશ્ચય કર્યો. આ સમયે ચેલૈયો ગુરુકુળમાં ભણવા માટે ગયો હતો. તેને બોલાવવા માણસ મોકલ્યો.

માણસે ગુરુકુળમાં જઈને ચેલૈયાને બધી વાત કરી ત્યારે મહેતા બોલ્યા : 'ચેલૈયા, તું ભાગી જા. વ્રતને પાળવા તારાં માવતર તને મારવા તૈયાર થયાં છે. માટે ભાગ....'

પણ ભાગે તો ધર્મ અને ખાનદાન માનવતરનું છોરું કેમ કહેવાય ? એ પરમ, પાવક અને પતિવ્રતા એવી ચંગાવતીના ઉદરમાં પાક્યો હતો. ચેલૈયો બોલ્યો,

**'ભગાએ લજઈ મૂં ભૂંહડી,**
**કુળઈ મુંડઉ લખ કળંકઈ,**
**પામઅઈ નવ બુંદ પય પિતરો,**
**ચરિ ખરિ ત્રિહુભુવન કંપઈ.**


(અર્થાત : જો હું ભાગું તો મારી ભૂંહડી (ભૂમિ) લાજે અને કુળને માથે લાખ કલંક લાગે. માત્પિત્રો પાણીનું એક ટીપું પણ ન પામે. વળી મારા આવા બાયકા કાર્યથી ત્રણ લોક થરથર કાંપવા લાગે)

ચેલૈયો ગુરુકુળે (નિશાળે) થી ઘેર આવ્યો. ચંગાવતીએ તેના ઓવરણાં લીધાં અને પોતાના વ્રતની વાત કરી ત્યારે ચેલૈયાએ હસતાં હસતાં માથું ધર્યું. થરથરતા હાથે સગાળશાએ ગળું કાપ્યું ને ચલૈયાનું માંસ રાંધીને સાધુને જમવા આપ્યું ત્યારે સાધુએ છણકો કરીને કહ્યું,

**'ધડનું ભોજ અમને ભાવે નંઈ,**
**અમને માથાનો આહાર,**
**સાધુ અમે અઘોરી**
**તમે શું જાણો વણિક જાત...'**

સગાળશાએ કહ્યું, 'હે પરમપાવન સંત, તમારી આજ્ઞા પ્રમાણે અમે આપનું ભોજન તૈયાર કરવા રાજી છીએ. આપ જે રીતે કહેશો તે રીત માંસનું ભોજન તૈયાર કરાશે.'

સાધુએ કહ્યું : 'હે વણિક દંપતી તમે બન્ને સાજ-શણગાર સજી. આંખમાં આંજણ આંજી, કપાળે ચાંદલા કરી, હાલકડાં ગાતાં ગાતાં ખાંડણિયામાં માથું ખાંડો. તમારી આંખમાં આંસુનું એક ટીપું પણ દેખાશે તો હું ભોજન નહિ આરોગું.'


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
ESTD : 1958
Distributors :
POLYCAB
WIRES & CABLES

બન્ને પતિ-પત્નીએ સાધુને જમાડયા વગર જવા દેવા નથી એવા દ્રઢનિશ્ચિય સાથે ચેલૈયનું માથું ખાંડણિયામાં રાખી હાથમાં સાંબેલું લઈ માથું ખાંડવાનું શરૂ કર્યું. માતનું કઠોર હૃદય પીગળવા લાગ્યું. તેના મોમાંથી સ્વર નીકળ્યાં :

**એ જી મારે હાલરડે પડી હડતાળ,**
**કુંવર ચેલૈયા, ચેલૈયા તને ખમ્મા... ખમ્મા..'**

હાલરડું પૂરું કરીને ચેલૈયાના માથાનું ભોજન તૈયાર કરી સાધુને આપ્યું ત્યારે સાધુએ રોષના ઊભરા સાથે કહ્યું -

**'વાંઝિયાનું અમે જમતા નથી,**
**અઘોરીઓ ટેક પંડની વિસરતા નથી...'**

(અર્થાત : હે વણિક દંપતી! તમે વાંઝિયા છો. અઘોરીઓ વાંઝિયાના હાથનું ભોજન જમતા નથી. વાંઝિયાનું અન્ન ખાવું એ તો મહાપાતક છે.)

બંને પતિ-પત્નિનો સંયમ તૂટવા આવ્યો હતો. પણ આંગણે આવેલા અતિથિને જમાડયા વગર પાછો કેમ જવા દેવો ? ચંગાવતીએ હૈયા માથે વ્રજ રાખીને પણ કહ્યું,

'હે પ્રભો, હું વાંઝણી નથી. મારા ગર્ભમાં પાંચ મહિનાનો જીવ ઉછરી રહ્યો છે. આપને ખાતરી ન થાય તો લ્યો હું પેટ ચીરીને બતાવું' એમ બોલી ચંગાવતી હાથમાં કટાર લઈ પોતાનું પેટ ચીરવા તૈયાર થઈ ત્યાં... ત્યાં...

'હં...હં...હં... થોભ ચંગાવતી..' એમ બોલી સાધુએ પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું. સાક્ષાત પરમાત્મા પ્રગટ થયા ને બોલ્યા : 'હે વણિક દંપતી ! તમે તમારી ટેક જાળવી રાખી ધર્મને જીવાડ્યો છે માટે વરદાન માગો....'

બન્ને પતિ-પત્નીએ એક સ્વરે કહ્યું :

'ભગવાન ! તમે અમારી કસોટી કરી છે એવી કોઈની ન કરતા નહિતર કળિયુગમાં તમને કોઈ ભજશે નહિ...'

પરમાત્માએ ચેલૈયાને સજીવન કર્યો ને કહ્યું કે કળિયુગમાં વાણિયા દુઃખી નહિ થાય અને બુદ્ધિમાં નબળા નહિ રહે..... ✷✷✷

---

## અન્ન, આર્થિક જીવન નિર્વાહ સહાય અંગે

### ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચન્દ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના, શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) અન્ન સહાય યોજના અને શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજનાઓ હેઠળ પ્રતિ વર્ષે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧-૪-૨૦૨૦ થી તા. ૩૧-૩-૨૦૨૧ દરમ્યાન સહાય આપવાની છે. આ અંગેના અરજીપત્રકો તા. ૨૭-૧-૨૦૨૦ થી તા. ૨૮-૦૨-૨૦૨૦ સુધી નીચેના સ્થળોએથી આપવામાં આવશે. જરૂરી વિગતો ભરી આપ તા. ૧૦-૩-૨૦૨૦ સુધી અરજીપત્રકો આપી શકો છો.

**સ્થળો:**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫-૪૯ બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ** : ૮/૯ મહેતા હાઉસ, બીજે માળે, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભારતીય વિદ્યા ભવનની સામે, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭
૩) **મે. શૈલેશ ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ**: ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩
૪) **શ્રી મણીકાંતભાઈ કડકીઆ**: મોટા મંદિરની સામે, બજાર, બાલાસિનોર

**સંયોજક - યોગેશ ર. ધારીયા**

---

**ખાસ નોંધ લેવી**

શ્રી ગોકુલેશો જયતિ

## શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

## શ્રી ફગવા ઉત્સવ

**ફગવાના પાસ બાલાસિનોર થી ૨૫ તારીખ થી મળશે.**

**રાજુભાઈ - ૯૩૨૨૬૫૭૬૭૩ કનુભાઈ - ૯૩૭૨૬૧૮૯૭૬ શૈલેષભાઈ - ૯૮૯૮૦૮૬૮૩૨**
**નિખિલ - ૯૮૨૪૦૩૦૬૮૭ નિલેશ - ૯૮૨૦૯૪૪૧૦૦ આશિષ - ૯૮૨૦૨૨૯૩૫૪ નિતેશ - ૯૮૧૯૩૮૮૩૩૮**

KAYCEE KI
pla
BRISK
RGK MARQUARDT
MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL
select
BOHMEN
HIKSON
CE
ETI
UPGREEN CORPORATION
ELMECO
ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com www.modyelectrotraders.com

હસુમતીબેન મંગળદાસ મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# પ.પૂ.આદરણીય શ્રી ડોંગરેજી મહારાજ

## અર્વાચીન યુગના મહાઋષી ભાગવત સંત

પરમ ભગવદીય સંત શ્રી ડોંગરેજી મહારાજનો જન્મ ૧૫ મી ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૨૬ (ફાગણ સુદ ત્રીજ, સોમવારે) થયો હતો. તેમના પિતાનું નામ કેશવ ગણેશ ડોંગરે તથા માતાનું નામ કમલાબાઈ કેશવ વર્મા હતું. તેમનો સમયગાળો ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૨૬ થી ઈ.સ. ૮ મી નવેમ્બર, ૧૯૯૦ સુધીનો હતો. તેમણે ચાર ચોપડી સુધીનો મરાઠી અભ્યાસ કર્યો હતો. તેઓ ભાગવતકથા કહેતા હતા.

તેઓ જ્યારે ભાગવતની કથા કરતા ત્યારે તેમની જીભ બોલતી ન હતી, તેમનું હૈયું બોલતું ન હતું પરંતુ હૈયામાં રહેલા ભગવાન બોલતાં હતા. સંતશ્રી ડોંગરેજી મહારાજની અંદર જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય ને તપ - આ ચાર વસ્તુઓ હતી. તેથી તેમની અંદર રહેલા પરમાત્મા બોલતા હતા. તેમની વાણી ગમે તેવો કઠોર હૃદયના કાળજાને કંપાવી દે તેવી કરુણ હતી. કેવળ આઠ વર્ષની નાની વયે વેદ, પુરાણ ને જ્ઞાનની પ્રાપ્તિ માટે પંઢરપુર ગયા ને ત્યાં સાત વર્ષ સુધી રહી જ્ઞાનની સાથે ભક્તિની પ્રાપ્તિ કરી. જ્ઞાન સાથે તપ, ત્યાગ ને વૈરાગ્યના કારણે તેમનું મન હંમેશા માટે તેમના ઈષ્ટદેવ શ્રી બાલકૃષ્ણના ચરણકમળમાં સ્થિર રહેતું હતું. તેમના જીવનમાં જ્ઞાન, તપ, વિદ્યાનું કે અન્ય કોઈપણ વસ્તુનું અભિમાન ન હતું. તેઓ સંસારી હોવા છતાં આ જન્મે બ્રહ્મચારી રહ્યા હતા. તેઓ સાદા ખોરાક ઉપર વધારે ભાર મૂકતા હતા.



આ સંતે શ્રી માધવદાસજીને ગુરૂ તરીકે સ્વીકાર્યા હતા. તેઓ ૩૩ વર્ષ સુધી માલસરમાં પોષ વદ ૪ થી પોષ વદ ૧૧ સુધી કથા કરતા ત્યારે સવારે ચાર વાગે ઊઠી તીવ્ર ઠંડીમાં એક પંચીયું ને ઉપવસ્ત્ર પહેરી નર્મદાને કિનારે સ્નાન કરી અર્ધ્ય આપતા. ત્યાં અનેક ભક્તો તેમના દર્શન કરવા ઊભા રહેતા. તેઓ ફક્ત મગનો જ આહાર ને તેમાં પણ ઉપવાસ હોય તો ફક્ત ફળ જ લેતા. ઉત્તર ગુજરાતના લાલચંદની લાટીમાં રહેતા. શ્રી આત્મજ્ઞાની મહારાજ આજે તેઓ એક પછી એક ગુણ જીવનમાં ઉતારી રહ્યા છે. સંતશ્રી ડોંગરેજી મહારાજે જગતને સૂત્ર આપ્યું કે 'પાપને ત્યજો ને પ્રભુને ભજો.'

'ડોંગરેજી મહારાજ કથા કરે ત્યારે કાનુડાને યાદ કરતાં જાય ત્યારે ભાવવાહી રીતે રડી પડે. તેમની વાણી સાંભળીને શ્રોતાજન પણ રડી પડતાં. ગુજરાતના સંતની વડોદરા નજીક માલસર ખાતે વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. ડોંગરેજી મહારાજે માલસરમાં ૩૩ કથાઓ કરી છે. માલસરના સંતની પુણ્યતિથિએ આસો માસમાં ડોંગરેજી મહારાજ આ કથા કરતાં. દિવંગત ડોંગરેજી મહારાજની અંતિમ ઈચ્છા હતી કે મારા નામ પર અંતે પૂર્ણવિરામ મૂકવું. નામ આગળ ચલાવવા આશ્રમ, સંસ્થા કે મંદિરો બાંધવા નહીં. અમદાવાદના ગીરધરદાદા ઉંમર વર્ષ ૯૫ છે. આ દાદા જ્યાં જ્યાં ડોંગરેજી મહારાજની કથા ચાલે ત્યાં તેઓ પહોંચી જાય ને સમગ્ર કથા દરમ્યાન બધા દિવસો એ મહારાજને પાછળથી પંખાથી પવન નાખતા. આ દાદા હાલ રાધે ખાતે ટ્રસ્ટનું દવાખાનું ચાલે છે ત્યાં દવા આપવાની સેવા કરે છે.

'ડોંગરેજી મહારાજનો જન્મ વડોદરામાં થયો હતો. તેમના પિતા યમાજનવૃત્તિથી ઘરનું ગુજરાત ચલાવતા. ડોંગરે મહારાજને એક નાનો ભાઈને એક બહેન હતા. મોટા ભાઈ મહારાજા યુનિ. ના સંસ્કૃતના પંડિત. ડોંગરે મહારાજ અભ્યાસ માટે પંઢરપુર ગયા હતા. તેઓએ પોતાના ગુરુ પંડિત પ્રણમ્નાચાર્ય પાસેથી શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું. તેમના પત્નીનું નામ શાલીની દેવી (સીતાદેવી) હતું ને ત્રેવીસ વર્ષે લગ્નગ્રંથિથી જોડાયા હતા. પરંતુ મહારાજે બ્રહ્મચારી બનવાનું વ્રત લીધું હતું. આથી સીતાજીએ રામચંદ્ર મહારાજનો ઈ.સ. ૧૯૭૦માં ત્યાગ કર્યો ને માઉન્ટ આબુમાં આશ્રમમાં રહેવા જતાં રહ્યાં. ભક્તોએ સીતાદેવીને મનાવવાનો પ્રયત્ન કર્યો

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

હતો પરંતુ નિષ્ફળ ગયા હતા. પછી ભાગવતના પ્રચાર માટે બાલકૃષ્ણની સેવામાં જીવન વીતાવવા લાગ્યા. ઈ.સ. ૧૯૮૯ માં તેમને કાશી મહાવિદ્યાલયે ‘મહા-મહોપાધ્યાય’ ની પદવી આપી. નરહરિ મહારાજે તેમને કથા કરવાની પ્રેરણા યુવાન વયે આપી હતી.’

વિક્રમ સંવત ૨૦૪૭ ના કારતક વદ છઠ્ઠ, તા. ૮ મી નવેમ્બર, ઈ.સ. ૧૯૯૦ના ગુરુવારે સવારે નડિયાદના સંતરામ મંદિરમાં આ સંત ૬૮ વર્ષની ઉંમરે વૈકુંઠવાસી થયા ત્યારે તેમના મુખમાં બાલકૃષ્ણ લાલનું જ નામ હતું. તેમની અંતિમ ઈચ્છા હતી કે જે તેમણે સંતરામ મંદિરના મહંત નારાયણદાસજી મહારાજને કરી હતી કે તેમના દેહને માલસરમાં જળસમાધિ આપવામાં આવે ને તેમની ઈચ્છા પરિપૂર્ણ થઈ હતી. આજે પણ સૌ ભાવિકો ડોંગરેજી મહારાજને ભૂલ્યા નથી. તેમની વિદાયથી ધાર્મિક કાર્યક્ષેત્રમાં તેમની ખોટ સાલી રહી છે. હજારો ભક્તોના હૃદયમાં તેમના શબ્દો ફરીથી સાંભળવા નહીં મળે તેનો અફસોસ રહી ગયો છે. ✷✷✷

## ગુલદસ્તો

### નાશનો માર્ગ

ખોટી સલાહથી રાજા, સંસારીઓના સંગ કરવાથી સંન્યાસી, અતિ લાડથી પુત્ર, શાસ્ત્રનો અભ્યાસ ન કરવાથી બ્રાહ્મણ, કુપુત્ર થી કુળ, કપટી માણસની સેવા કરવાથી સદાચાર, દેખભાળ ન રાખવાથી ખેતી, પ્રવાસને કારણે (વિયોગ થવાથી) પ્રેમ, અજાતિ કરવાથી સમૃદ્ધિ અને દુર્વ્યય તથા બેદરકારીને કારણે ધન નાશ પામે છે.

### ગરજ સરે એટલે....

યજ્ઞ પૂરો થયા પછી (યજમાન) બ્રાહ્મણનો, નદી પાર કર્યા પછી (યાત્રાળુ) નાવિકનો, લડાઈમાં જીત મળ્યા પછી રાજા સૈનિકનો, ભાર ઉતારી લીધા પછી (તેના માલિક) મજૂરનો અને નિરોગી થયા પછી માણસ વૈદ્યનો પૈસા ચૂકવતી વખતે દ્વેષ કરે છે.

**S.R. Mody**

**Shree Light Corporation**

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**

Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches,**
**Eveready Cell /Torch / Appliances & Duracell.**

## 'તુમ મુઝે ખુન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'

## લોક લાડીલા નેતા સુભાષચંદ્ર બોઝ

સુભાષબાબુ રાખમાંથી રાષ્ટ્રનું સર્જન કરનાર વિશ્વની મહાવિભુતિઓમાંના એક મહાવિભૂતિ હતા.

'આઝાદ હિંદ ફોજ' ના સેનાપતિ સુભાષચંદ્રનો જન્મ પશ્ચિમ બંગાળના રાજ્યમાં કટક ખાતે ૨૩ મી જાન્યુઆરી ને ઈ.સ. ૧૮૯૭ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ ને માતાનું નામ પ્રભાવતીદેવી હતું. સુભાષના માતા પ્રભાવતીદેવી ધર્મપરાયણ હતા ને એક આદર્શ ગૃહિણી પણ હતા. સુભાષબાબુને પાંચ બહેનો ને છ ભાઈઓ હતા. સુભાષ બાબુ કટકની 'યુરોપિયન પ્રોસ્ટેસ્ટટ સ્કૂલ' માં ભણ્યા હતા. આ શાળામાં પાંચ વરસની ઉંમરે એમને હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. તે સ્કૂલનું નામ 'રેવનશા કોલિજિએટ સ્કૂલ' એના આચાર્યનું નામ બાબુબેની માધવદાસ. તેઓ સુભાષચંદ્રના સાચા ગુરુ હતા. તેમણે જ સુભાષચંદ્રમાં ક્રાંતિના બીજ રોપ્યાં. 'આઝાદ હિંદ ફોજ' ના સ્થાપન ને સેનાની એવા સુભાષચંદ્રનો સમયગાળો ૨૩ મી જાન્યુઆરી ઈ.સ. ૧૮૯૭ થી ૧૮ ઑગસ્ટ ઈ.સ. ૧૯૪૫ સુધીનો માનવામાં આવે છે.

બાળસાહિત્યકાર શ્રી યશવંત મહેતા પોતાની પુસ્તિકા 'મોટા જ્યારે હતા નાના' માં ડૉ. સુભાષચંદ્રનો પરિચય આ રીતે આપે છે :

'ઓરિસ્સાના કટક ખાતે બંગાળી બાબુ રહેતા હતા. એમનું નામ જાનકીનાથ બોઝ હતું. જાનકીબાબુ સરકારી વકીલ હતા. તેઓ અંગ્રેજ સરકારના વફાદાર સેવક હતા. ને સરકારે એમની સેવાઓની કદર કરીને 'રાયબહાદુર'નો ખિતાબ એમને એનાયત કર્યો હતો.

સુભાષ નાના હતા ત્યારે જ્યોતિષે સુભાષનું ભવિષ્ય ભાખ્યું હતું કે 'આ બાળક તો કોઈ મહાન તપસ્વી થશે અથવા ચક્રવર્તી રાજા થશે. એના જીવનમાં



મુસીબતોનો પાર નહિ રહે, પરંતુ મનોબળથી એ મુસીબતોને પાર કરશે.' સુભાષબાબુનું જીવન બાળપણમાં ખૂબ વૈભવશાળી હતું. તેમના ભાઈઓ વિલાયતની કેળવણી લઈ શકતા નથી. એમના ઘરમાં નોકર-ચાકર હતા.

સુભાષબાબુના જીવનમાં એક બનાવ બન્યો. તેઓ કૉલેજમાં હતા ત્યારે કટકમાં કૉલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો. દર્દીઓ વધારે હોવાથી, નર્સો ઓછી હતી તેથી સુભાષ ને તેમના મિત્રોએ ગામની સફાઈનું ને દર્દીઓનું સારવારનું કામ ઉપાડી લીધું. આ કામ વખતે સુભાષને આ દેશના ગરીબ ને નિરાધાર લોકોનાં દર્શન

જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**

**પ્રાર્થના સભા માટે**



**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**

**Website : www.rhythmicgroups/.com**

G/3, Raman Smruti, 138, V.P.Road,
Sicka Nagar, Mumbai - 400 004
Resi : 022-23811333 / 66372275

થયાં. એમનાં હૃદયમાં દયા જન્મી. સુભાષ પોતાના મિત્રોની સાથે શેરીઓ, મકાનો સાફ કરતાં ને લોકોનાં ઘરમાં પ્રવેશીને પણ સફાઈ કરતા. દર્દીઓની પથારીઓ સાફ કરતાં. તેમને ખાવાનું, ફળો, દવાઓ લાવી આપતા.

આમ જીવનું થોડું દર્શન કરનાર સુભાષ જીવન વધુ અર્થપૂર્ણ કેવી રીતે બને એ વિચારવા લાગ્યા. સુભાષ જ્ઞાન મેળવવા ધર્મ તરફ વળ્યા. તેઓ સ્વામી વિવેકાનંદને સાંભળવા જતા હતા. તેમણે રામકૃષ્ણ પરમહંસનું પુસ્તક ‘રામકૃષ્ણ કથામૃત’ વાંચ્યું.

આ બાબતોની સુભાષ પર અસર થઈ. તેમણે સોળ વર્ષની ઉંમરે ઘર ત્યાગ કર્યો. ગુરુની શોધ માટે પહેલાં તેઓ કાશી ગયા. ગંગાના ઘાટ ઉપર રખડયા. મંદિર, મઠો ને આશ્રમોમાં રખડ્યાં પરંતુ કોઈ ગુરુ મળ્યા નહીં, તેથી તેઓ નિરાશ થઈ પાછા આવી ભણતરમાં લાગી ગયા. એકવાર સુભાષે પ્રોફેસર ઓટનના ગાલ પર તમાચો માર્યો હતો, તેથી એમને કૉલેજમાંથી બરતરફ કરવામાં આવ્યાં. આખરે બે વર્ષ બાદ ઈ.સ. ૧૯૧૭માં ભારતીય વાઈસ ચાન્સેલર સર આસુતોષ મુખરજીની લાગવગથી ફરીવાર કૉલેજમાં બેસી શક્યા. એમણે ફિલસૂફીનો વિષય લઈને બી.એ. ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી.

તેઓ વિલાયત ગયા ને ત્યાં જઈ તેઓ ચોથા નંબરે કૅમ્બ્રિજ યુનિવર્સિટીની ‘મનોવિજ્ઞાન’ વિષયની બી.એ. પરીક્ષા પસાર કરી. સુભાષ ભારત આવીને કદી મુલકી નોકરીમાં જોડાયા નહીં. એમણે તો ભારત આવીને તરત જ આઝાદીની લડતમાં ઝુકાવ્યું.’

‘પ્રખર દેશભક્ત સુભાષચંદ્ર બોઝની ૧૯૪૦ માં ધરપકડ થઈ હતી. તેમણે ઉપવાસ કર્યા. સરકારે એમને તેમના ઘરમાં જ નજરકેદ રાખ્યા. ૧૯૪૧માં એમના

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

મકાન પર પોલીસના પહેરા છતાં તેમને થાપ આપીને તે નાસી છૂટયાં. કાબુલ થઈ રશિયા પહોંચ્યા ને ત્યાંથી બર્લિન. પછી તેઓ અગ્નિ એશિયામાં આવ્યા ને તેમણે 'આઝાદ હિંદ ફોજ' ની રચના કરી. હજારો સૈનિકો તેમની 'આઝાદ હિંદ ફોજ' માં જોડાયા. તેમની ગણતરી લશ્કરથી બ્રિટિશરોને હઠાવવાની હતી. ઈ.સ. ૧૯૪૪-૪૫ ના શિયાળામાં બ્રિટનના હુમલાને કારણે જાપાનીઓ રંગૂન પાછા ફર્યા. નેતાજી પણ ફરીથી યુદ્ધ મોરચો ઊભો કરવાની આશાએ બર્મા છોડયું. ઈ.સ.૧૯૪૫માં જાપાન શરણે થયું ને નેતાજી બેંકકોકથી ઊપડયા પછી તેમનો પત્તો લાગ્યો જ નહીં. પછીથી તેમના સેનાપતિઓ કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન ધિલ્લોન ને કેપ્ટન લક્ષ્મી સામે કામ ચલાવવામાં આવ્યું. તે ઐતિહાસિક ખટલો ગરવા ગુજરાતના બાહોશ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈએ ચલાવ્યો ને ત્રણેય વીરોને છોડાવ્યા. ✷✷✷

## સુભાષચંદ્રની વાણી :

- 'જયહિંદ'
- 'તુમ મુજે ખૂન દો મૈં તુમ્હે આઝાદી દૂંગા'
- 'હું તમારો નેતા થયો છું પરંતુ તમને આપવા મારી પાસે કેવળ ભૂખ, થાક ને મૃત્યુ સિવાય બીજું કાંઈ નથી.'

## નેતાજી સુભાષચંદ્ર બોઝની જીવન - ઝરમર

- ઈ.સ. ૧૮૯૭, ૨૩મી જાન્યુઆરીએ કટક ખાતે જન્મ.
- ઈ.સ. ૧૯૧૩ની સાલમાં એમણે મૅટ્રિકની પરીક્ષા પાસ કરી.
- ઈ.સ. ૧૯૧૫ની સાલમાં સુભાષ ફરી કૉલેજમાં દાખલ થયા.
- ઈ.સ. ૧૯૨૦માં એમણે આઈ.સી.એસ. ની પરીક્ષા પાસ કરી.
- ઈ.સ.૧૯૨૧ની તે ૨૧ મી તારીખે ભારત આવ્યા.
- ઈ.સ. ૧૯૨૪માં સુભાષબાબુને અલીપુરની જેલમાં લઈ જવામાં આવ્યા.
- ઈ.સ. ૧૯૩૪ માં 'ઈન્ડિયન સ્ટ્રગલ' નામનો ઈતિહાસ લખ્યો.
- ઈ.સ. ૧૯૩૬, ૮મી એપ્રિલે એમની ધરપકડ થઈને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા.
- ઈ.સ. ૧૯૩૭ ની સાલમાં તેઓ જેલમાંથી છૂટયા. સુભાષબાબુને હરિપુરાના અધિવેશનનું પ્રમુખપદ આપવામાં આવ્યું.
- ઈ.સ. ૧૯૩૮, ૧૯મી ફેબ્રુઆરીએ હરિપુરા વિઠ્ઠલનગરના કોંગ્રેસ અધિવેશનમાં ભાષણ આપ્યું.
- ઈ.સ. ૧૯૪૦ના રોજ સુભાષબાબુ આમરણાંત ઉપવાસ ઉપર ઊતર્યાં. ૨૦ મી નવેમ્બરે તેમણે ચાલીસ દિવસની દાઢી વધારી ને મૌલવીનો વેશ પહેર્યો ને ઘર બહાર નીકળી ગયા.
- ઈ.સ. ૧૯૪૫, તા. ૧૮ મી ઑગસ્ટે તેઓ વિમાનમાં બેસીને ટોકિયો જતા હતા ત્યારે તેઓ 'તાઈ હોકું' ગામે બપોરે બે વાગે પહોંચ્યાં. અર્ધા કલાકમાં વિમાન ઊપડયું. આ વિમાન હજી ૩૦૦ ફૂટ ઊંચું ગયું ને તેમાં ધડાકો થયો. વિમાન એરોડ્રામની સરહદ ઉપર જ પડયું. સુભાષબાબુ યુનિફોર્મ પહેરીને પાયલોટની પાછળ બેઠા હતા. તેમને માથામાં વાગ્યું હતું ને તેમના કપડાં સળગતાં હતાં. તેઓ મૃત્યુ પહેલાં છ કલાક ભાનમાં હતા.

# હિન્દી ફિલ્મોમાં હોળી-ધૂળેટીના ગીતોની ધમાલ

- નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

| | કલાકાર | ફિલ્મ | ગીત |
|---|---|---|---|
| ૧. | સંધ્યા ને મહિપાલ | - નવરંગ | - જા રે હટ નટખટ, ના છુ રે મેરા ઘુંઘટ, પલટે કે દુંગી આજ તુજ ગાલી રે |
| ૨. | હેમા ને ધર્મેન્દ્ર | - શોલે | - હોલી કે દિન દિલ ખીલ જાતે હૈં, રંગો મે રંગ મિલ જાતે હૈ |
| ૩. | રાજેશ ખન્ના ને આશા પારેખ | - કટિ પંતગ | - આજ ના છોડેંગે બસ હમ જોલી, ખેલેંગે હમ જોલી |
| ૪. | અમિતાભ | - સિલસીલા | - રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે, હોલી હૈ |
| ૫. | અક્ષય કુમાર - પ્રિયંકા ચોપરા | - વક્ત | - ડુ મી એ ફેવર, લેટ્સ પ્લે હોલી |
| ૬. | અમિતાભ ને હેમા | - બાગબાન | - હોલી ખેલે રઘુવીરા અવધમેં, હોલી ખેલે રઘુવીરા |
| ૭. | રણવીર કપૂર ને દિપીકા | - યે જવાની હૈ દિવાની | - બલમ પીચકારી જો તૂને મુજે મારી તો, સીધી સાદી છોરી કંવારી હો ગઈ |

## રત્ન કણીકા

☆ જેમ લૂણ વિનાનું ભોજન ફિક્કુ તેમ તમારી ખોટ સમાજને સાલે ત્યારે સાચું.

☆ આત્મા અણુ કરતાં નાનો છે અને પૃથ્વી કરતા મોટો છે.

☆ માણસનું સુખ જીવનમાં સમાયેલું છે અને જીવનનું શ્રમમાં.

☆ કદી નાના કે અસહાય ન અનુભવવું, આપણે બધાં આપણામાં દિવ્ય અગ્નિ સાથે જન્મ્યા છીએ.

☆ સુખ નસીબદારને પારખે છે, જ્યારે સંકટ મહાન વ્યક્તિને.

☆ જરૂરિયાત એ શોધખોળ માત્ર છે.

☆ પોતાની જાતથી માણસ જેટલો છેતરાય છે, તેટલો કોઈથી છેતરાતો નથી.

☆ બદલો લેવા કરતાં ક્ષમા સારી વસ્તુ છે.

☆ ચંદન, તગર, પોયણુ અને જૂઈનાં ફૂલો - એ બધી સુગંધ વસ્તુઓની સુગંધ કરતાંય શીલ-સદાચારની સુગંધ ઉત્તમોત્તમ છે.

## ઉખાણાં

(૧) એવી કઈ ચીજ છે, જે માણસ લઈ શકે છે પણ આપી શકતો નથી.

(૨) લીલું ઝાડ, પીળું મકાન, માંહે બેઠા કલ્લુરામ, જલ્દી બતાવો એનું નામ.

(૩) એવી કઈ ચીજ છે જે છોકારઓ છુપાડે છે અને છોકરીઓ દેખાડીને ચાલે છે.

(૪) એક એવું સ્ટેશન જેને આપણે ખાઈએ છીએ, કહો ?

(૫) એવી કઈ ચીજ છે જે ફૂટે છે, પણ અવાજ નથી આવતો.

(૬) આંખ છે પણ માનવ નથી, પાણી છે પણ દરિયો નથી, ટોચ પર રહું છું પણ ગરુડ નથી, ચતુર કરો વિચાર.

(૭) મને ખાવાથી આવે વિશ્વાસ, મને ખાવાથી લેવાય પ્રભુનું નામ, મને ખાવાથી સંબંધ બંધાય, ચતુર કરો વિચાર.

(૮) એવું શું છે જે તૂટવા માટે બન્યું છે ?

(૯) એવી કઈ દુકાન છે જ્યાં જીત ને બદલે હાર માંગીએ છીએ ?

(૧૦) હું તમને એક પ્રશ્ન પૂછું છું, બતાવો ઉત્તર શું છે ?

જવાબ : (૧) જીંદગી (૨) પપૈયું (૩) પર્સ (૪) પૂરી (૫) પરીક્ષાનું પેપર (૬) નાળિયેર (૭) સમ (૮) રેકોર્ડ (૯) ફૂલની દુકાન (૧૦) દિશા

# એક એવી હોસ્પિટલ કે જ્યાં કેશ કાઉન્ટર જ નથી!!!

આજના જમાનામાં દરેક લોકો પોતાના વિશે જ વિચારી રહ્યા છે. આપણા દેશમાં એમ તો ઘણા લોકો એવા હોય છે જે ગરીબની સેવા કરતા હોય છે. જે ગરીબના બાળકોને શિક્ષણ પુરું પાડે છે. આ હોસ્પિટલ અમદાવાદના ગાંધીનગર રોડ ઉપર આવેલી છે, જ્યાં કોઈપણ જાતની ફી લીધા વગર દર્દીને સારવાર આપવામાં આવે છે.

આ હોસ્પિટલ ૨૪ કલાક બધા લોકો માટે કાર્યરત હોય છે અને તે આધુનિક સુવિધાઓથી સજ્જ છે તેમજ ઓછામાં ઓછા ૩૫૦ રોગીઓ રહી શકે એટલી પલંગ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એક પણ પૈસા લીધા વિના આ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ કોઈ પણ જાતના રોગોની સારવાર અને તબીબી સેવા પૂરી પાડે છે.

દરરોજના ૩ ઓપરેશન અહીં થાય છે. હોસ્પિટલની ક્ષમતા ૪૦ બેડની છે. હોસ્પિટલનું મેનેજમેન્ટ પણ એટલું જ જબરજસ્ત છે.

હોસ્પિટલના પબ્લિક રિલેશન્સ ઑફિસરનું કહેવું છે કે, હોસ્પિટલની શરૂઆતથી આ વર્ષે માર્ચ સુધીમાં, ૪૫૦૦ બાળકોનું હાર્ટ ઓપરેશન કરવામાં આવ્યું છે. અહીં, છત્તીસગઢ સહિત દેશના ૨૮ રાજ્યો અને નવ અન્ય દેશોના લોકો તેમના બાળકોના હૃદયની સારવાર માટે આવે છે.

આ હોસ્પિટલમાં ફીજી ના બે બાળકો, નવ પાકિસ્તાની બાળકો, બાંગ્લાદેશ ના ૧૧ બાળકો, નાઈજીરીયા ના આઠ બાળકો, નેપાળ અને શ્રીલંકાના પાંચ પાંચ બાળકો, અફઘાનિસ્તાન ના બે બાળકો અને લાઈબેરિયા અને યમન નાં એક એક બાળકના હૃદયની સારવાર કરવામાં આવી છે. તે જ સમયે, અહી ની ટીમ ફિજીમાં ૨૬ બાળકોના હૃદયના ઓપરેશન કર્યા હતાં.

**જનરલ સર્જરી વિભાગ :** આ જનરલ સર્જરી વિભાગમાં પેટના રોગો, નાના-મોટા આંતરડાના રોગ, સારણગાંઠ, ભગંદર, મસા. ચાંદા, કિડની કે મૂત્રાશય અથવા તો પિત્તાશયની પથરી, થાઈરોઈડ ગ્રંથી, સ્તન થી લગતા તમામ રોગોના રીપોર્ટ કરીને પછી સારવાર આપવામાં આવે છે.

**સ્ત્રી રોગ અને પ્રસુતિ વિભાગ :** આ વિભાગમાં સ્ત્રીઓને લગતી તમામ બીમારીઓ માટે સારવાર આપવામાં આવે છે. પ્રસુતિ અને સ્ત્રી રોગ માટેની સોનોગ્રાફી, સીજરનું ઓપરેશન, ગર્ભાશયની કોથળીનું ઓપરેશન જેવી ઘણી બીમારીની સારવાર આપવામાં આવે છે.

**જનરલ વિભાગ :** આ વિભાગમાં દરેક પ્રકારના રોગ જેવા કે લોહીનું દબાણ, હૃદયના રોગ, ડાયાબિટીસ, પિત્તાશયના રોગ, વાઈ, ચેપીરોગ વગેરે જેવા અનેક રોગો માટે સારવાર આપવામાં આવે છે.

**માનસિક રોગ :** આ વિભાગમાં કોઈપણ પ્રકારની મગજને લગતી બીમારીઓની સારવાર કરવામાં આવે છે.

**નાક, કાન અને ગળા માટે :** આ વિભાગમાં અમુક રોગોની દૂરબીનથી તપાસ, કાનની બહેરાશ, કાનમાં રસી થવું, પડદામાં કાણું થવું, કાકડા વધવા તેમજ ગળાના કોઈપણ રોગોનું નિદાન અને સારવાર આપવામાં આવે છે.

**આંખની સમસ્યા :** આ વિભાગમાં આંખની સંપૂર્ણ તપાસ, નિદાન અને ઓપરેશન અત્યારના આધુનિક સાધનો દ્વારા મોતિયો, વ્હેલ અને ત્રાંસી આંખના ઓપરેશન કરવામાં આવે છે.

**ડેન્ટલ વિભાગ :** દાંતના મુળિયાની સારવાર, દાંત પ્રમાણે ચોકઠું બનાવવું, દાંતમાં કરવામાં આવતી સફાઈ, વાંકાચૂકા દાંતને સીધા કરવા, દાંતના સડાનું નિદાન તેમજ સારવાર વગેરે કરવામાં આવે છે.

**ચામડીના રોગ માટે :** આ વિભાગમાં ચામડીને લગતા દરેક રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવે છે.

આ દવાખાનાનું નામ છે **શ્રીમતી સુશીલાબેન મનસુખલાલ શાહ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ, સરનામું : વિસાત-ગાંધીનગર હાઈવે, તપોવન સર્કલ પાસે, ચાંદખેડા, અમદાવાદ, મો.નં. ૭૫૭૩૯૪૯૪૦૮** - **વૉટ્સઍપ પરથી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **ઈકો કેમ્પ :** તા. ૧૯-૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ. કુલ ૭૧ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૨. **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૭-૧-૨૦ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩. **શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ :** તા. ૧૦-૧-૨૦ના રોજ જેસીઆઈ અને લાયન્સ કલબ ઓફ બાલાસિનોરના સહયોગથી યોજવામાં આવેલ. કુલ ૨૫ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.

૪. **જન્મજાત ફાટેલા હોઠ અને ફાટેલા તાળવાનો નિઃશુલ્ક સર્જરી અને નિદાન કેમ્પ :** તા.૨૯-૧૨-૧૯ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ધી ગુજરાત કલેક્ટ એન્ડ ફેનિઓફેશિયલ રિસર્ચ ઈન્સીટયુટ, અમદાવાદના સહાયક કમલા ફાઉન્ડેશન (યુ.કે.) દ્વારા ડૉક્ટરશ્રીએ ફ્રી સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ સાત દર્દીઓને તપાસીને ફ્રી ઓપરેશન માટેની તારીખ આપવામાં આવેલ.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ તા. ૧-૪-૧૯ થી તા. ૩૧-૧૨-૧૯ દરમ્યાન નીચે મુજબના વિવિધ વિભાગોમાં લાભ લીધેલ દર્દીઓની માહિતી :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | ૧૦૧૦૯ |
| ૨. | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૭૮૯૦ |
| ૩. | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સક વિભાગ | ૧૧૫૩ |
| ૪. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ | સુતિકા વિભાગ | ૪૨૯ |
| ૫. | મણીલાલ ચંદુલાલ પરીખ | એકસ રે વિભાગ | ૬૦૪૫ |
| ૬. | મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૩૭૫૦ |

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| ૧. | કીકાભાઈ પ્રેમચંદ ટ્રસ્ટ | રૂા. ૩૫૦૦૦૦/- |
| ૨. | સ્મિતાબેન સતિષભાઈ દલાલ સુપુત્રી નટવરલાલ સાંકરલાલ દેસાઈ | રૂા. ૧૦૦૦૦૦/- |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન**

| | | |
|---|---|---|
| ૧. | જગદીશ કીર્તનલાલ શાહ (વસનજી) | ૬૦ મિતિ |
| ૨. | કોકીલાબેન વસંતભાઈ પરીખ | ૧૩ મિતિ |
| ૩. | તારાબેન શાંતિલાલ કડકીઆ | ૦૫ મિતિ |
| ૪. | સુધાબેન સુમનરામ દેસાઈ | ૦૨ મિતિ |
| ૫. | કુમુદબેન કનુભાઈ ધારીઆ - હસ્તે કનુભાઈ ધારીઆ | ૦૧ મિતિ |
| ૬. | આશાબેન દિનેશભાઈ શાહ | ૦૧ મિતિ |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**આ વર્ષનો દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૩-૩-૨૦૨૦ ને મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી કુન્દનભાઈ વ્યાસ (વરિષ્ઠ પત્રકાર અને સી.ઈ.ઓ. જન્મભૂમી ગ્રુપ ઓફ ન્યુઝ પેપર્સ)ના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવેલ છે. સર્વે બાલાસિનોરવાસીને હાજર રહી સમારંભની શોભા વધારવા આમંત્રણ છે.**

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ

આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો. આપની ઉપલબ્ધિઓ, આપના કુટુંબીજનો માટે તે ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાના સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક - શ્રી ચેતન મોદી**

**માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મિન બી. શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જ. શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

---

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

❖ **શ્રી વસંત કે. પરીખ**
મૅ ફ્લાવર ગ્રાન્ડ, એસ.વાય નં.-૧૯૧
બ્લોક 'સી', ફ્લેટ નંબર-૭૦૭
નચઝામ મલ્લાપુર રોડ,
નોમા કલ્યાણ વેદિકની સામે,
મલ્લાપુર, હૈદ્રાબાદ
**તેલંગણા - ૫૦૦૦૭૬**

❖ **શ્રી જયેશ રસિકલાલ મોદી (ચોધરી)**
એક્વેરીયા ગ્રાન્ડ કૉ.ઑ.હા. સો.લી.
'એ'-૬૦૩, દેવીદાસ લેન, ઓમ શાંતિ ચોક,
બોરીવલી (વેસ્ટ), **મુંબઈ - ૪૦૦ ૧૦૩**
મો. - ૯૮૨૦૩૪૬૩૨૧

❖ **શ્રી જયંત રમણલાલ ભાટીયા**
'એમ' બ્લોક, ૧૦૩, પહેલે માળે,
શ્યામ શુકન સોસાયટી,
ભાજીપુરા પાટીયા (ચાર રસ્તા)
પી.ડી.પી.યુ. રોડ,
**ગાંધીનગર - ૩૮૨૪૨૨, ગુજરાત.**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ જયંતીલાલ મોજીલાલ મોદી | ૮૫ |
| ❖ કુમુદબેન કનુભાઈ ધારિયા (અણિયાદવાળા) | ૮૧ |
| ❖ નયનેશ મહેન્દ્ર મોદી | ૭૦ |
| ❖ મુકેશ કાંતિલાલ શેઠ | ૭૦ |
| ❖ મંગલભાઈ મુળજીભાઈ મોદી (શહેરાવાળા) | ૯૫ |
| ❖ ગીતાબેન રમેશચંદ્ર પરીખ (માછલી) | ૭૩ |
| ❖ અ.સૌ. રીટા મનોજ દેસાઈ (U.S.A.) | ૬૦ |

(Daughter of Late Occhavlal Sakarlal Modi (શહેરાવાળા)

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

**ANUKOOL** selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

**SCHOOL UNIFORMS & ACCESSORIES**
**FOR ALL LEADING SCHOOLS**

**NAVIN PAREKH** **RASESH PAREKH**

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.